# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-09-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM-મિઝોરમ,પશ્ચિમ બંગાળના પ્રવાશે જશે:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી 15મી સપ્ટેમ્બર સુધી મિઝોરમ, મણિપુર, આસામ, પશ્ચિમ બંગાળ અને બિહારના પ્રવાસે જશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મિઝોરમની મુલાકાત દરમિયાન બૈરાબી-સૈરાંગ નવી રેલ્વે લાઇન પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. આ રેલ્વે લાઇન મિઝોરમની રાજધાની આઈઝોલને ભારતીય રેલ્વે નેટવર્ક સાથે જોડશે. 51 કિલોમીટરથી વધુ લાંબી આ રેલ્વે લાઇન 8 હજાર કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી છે.

---

## ખેલમહાકુંભનું જિલ્લાનું રજિસ્ટ્રેશન:

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલ મહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત કચ્છ જિલ્લાના ખેલાડીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જેમાં શાળા/ગ્રામ્ય, તાલુકા/ઝોનકક્ષા, જિલ્લા/મહાનગરપાલિકાકક્ષા, ઝોનકક્ષા (ટીમ રમત) અને છેલ્લે રાજ્યકક્ષાની સ્પર્ધા માટેનું આયોજન કરવામાં આવેલું છે.

ખેલ મહાકુંભ ૨૦૨૫નું ઓનલાઈન રજિસ્ટ્રેશન તા.૨૯ઓગષ્ટ થી શરૂ કરવામાં આવ્યું છે. રજિસ્ટ્રેશનની છેલ્લી તા.૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૫ સાંજે ૬.૦૦ સુધીની રહેશે. ખેલ મહાકુભ ૨૦૨૫ માં ભાગ લેવા માટે નિયત વયજૂથના તમામ ખેલાડીઓ દ્વારા ફરજિયાત વેબસાઈટ https://khelmahakumbh.gujarat.gov.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. તેમ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ભુજ કચ્છની યાદીમાં જણાવાયું છે.

---

## કલેક્ટરની ક્ષતિગ્રસ્ત રસ્તા સુધારણા અંગે બેઠક:

હાલમાં જીલ્લામાં સતત વરસેલા ભારે વરસાદના કારણે મહત્ત્વના 23 રસ્તા ઉપરાંત ગામડાંઓના કોઝવે ક્ષતિગ્રસ્ત થતાં કલેક્ટરે સડકોની જવાબદારી સંભાળતા તમામ વિભાગના અધિકારીઓની સંયુક્ત બેઠક બોલાવી ઝડપભેર વાહન વ્યવહારને લાયક બનાવવા સૂચના આપી હતી. કલેક્ટર આનંદ પટેલે જણાવ્યું હતું કે, તેમણે ખરાબ થયેલા માર્ગ અંગે બોલાવેલી બેઠકમાં ક્યાં કેટલું નુકસાન છે, તે અંગેની વિગતો મેળવીને ક્યાર સુધી સુધારણા થશે તે અંગે સમીક્ષા કરાઈ હતી.

---

## કંડલાથી મુંબઈ ફ્લાઈટમાં ખામી:

કંડલાથી મુંબઈ વચ્ચે ઉડાન ભરતી સ્પાઈસ જેટની ફ્લાઈટમાં સર્જાયેલી તકનીકી ખામીના કારણે પ્રવાસીઓમાં ભય ફેલાયો હતો. પ્લેને ઉડાન ભરી તેની થોડી મિનિટોમાં જ વ્હીલ પડી ગયું હોવાની જાહેરાત ક્રૂ દ્વારા કરાઈ હતી. જેથી સ્ટાફને તકનીકી ખામી અંગે ત્વરિત જાણ થઈ ગઈ અને પ્રવાસીઓને ઘટના અંગે સૂચના આપવામાં આવી હતી. ક્રૂ દ્વારા તમામ સુરક્ષાના સાધનો પ્રવાસીઓને પહેરાવી દેવામાં આવ્યા હતા અને આગ લાગે તો શું કરવું, ક્રેશ, ઊતરાણ વખતે વાઈબ્રેશન આવે, તો ગભરાવું નહીં, તે સહિતની સૂચનાઓ મુંબઈ સુધીના પ્રવાસ દરમ્યાન આપવામાં આવતી હતી.પાઈલટ દ્વારા અનુભવના આધારે ત્વરિત સુરક્ષિત રીતે પ્લેનનું ઊતરાણ કરાવાયું હોવાના અહેવાલ છે.

---

## ભોરારા કેનાલમાં ડુબી જવાથી ત્રણના મૃત્યુ:

મુંદરા તાલુકાના ભોરારામાં આવેલી નર્મદા કેનાલમાં ત્રણ પુત્રો સાથે માતા કોઈ કારણે ડુબી ગયા હતા જેમાં માતાને બચાવી લેવાયા હતા. પરંતુ ત્રણ સહોદરના મૃત્યુ નીપજ્યા હતા. આ બનાવના પગલે અરેરાટી ફેલાઈ હતી.

---

## 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાતની જિલ્લામાં શિબિર:

ગુજરાત સરકારના રમતગમત વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત, પ્રધાનમંત્રીના ૭૫માં જન્મદિવસ નિમિત્તે સમગ્ર રાજ્યમાં ૭૫ સ્થળોએ ૩૦ દિવસીય રીઝલ્ટ ઓરીએન્ટેડ મેદસ્વિતા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છમાં ભુજ અને ગાંધીધામ ખાતે ટોકન ફી ભરી નાગરિકો આરોગ્ય કેમ્પમાં બોડી ચેકઅપ કરાવી શકશે અને યોગાભ્યાસમાં સામેલ થઈ શકશે.

આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ લોકોને યોગ અને યોગ્ય આહાર દ્વારા મેદસ્વિતા ઘટાડવા વિશે માર્ગદર્શન આપવાનો છે. આ કાર્યક્રમ ૧૭ સપ્ટેમ્બર થી ૧૬ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી સવારે ૬:૩૦ થી ૮:૦૦ વાગ્યા દરમિયાન યોજાશે. આ અભિયાનના ભાગરૂપે, કચ્છ જિલ્લામાં ભુજ તેમજ ગાંધીધામ એમ બે જગ્યાએ શિબિર યોજાશે.

---

## ગાંધીધામ મ્યુનિસીપલ કમિશ્નરની રખડતા ઢોરો અંગે બેઠક:

ગાંધીધામ મહાનગરપાલકિના કમિશ્નર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને ગાંધીધામ સંકુલની ૯ જેટલી ગૌશાળા/પાંજરાપોળના સંચાલકો સાથે એક બેઠક નું આયોજન કરાયુ હતું.

જેમાં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના નો લાભમેળવતી ગૌશાળા/પાંજરાપોળોને સ્થાનકિ સ્વરાજની સંસ્થાઓ દ્વારા રખડતા પશુઓ આપવામાં આવે તો તે લેવા માટે ગૌશાળા/પાંજરાપોળી બંધાયેલી છે તેવી સમજ આપવામાં આવી હતી અને આ સેવાભાવી ગૌશાળા/પાંજરાપોળોના સંચાલકો દ્વારા પોતાની ક્ષમતા પ્રમાણે લેવા માટે સહમતી દર્શાવાઈ હતી.જેને પગલે કુલ ૩૨૦ જેટલા રખડતા આખલાઓ જે તે ગૌશાળા/પાંજરાપોળોને આપવામાં આવશે.

---

# GST-કરમાળખામાં ફેરફારને દેશભરમાં આવકાર:

વસ્તુ અને સેવા કર- GST પરિષદે કરમાળખામાં કરેલા ફેરફારને સમગ્ર દેશમાંથી વ્યાપક આવકાર મળી રહ્યો છે. જીએસટી પરિષદે નાગરિકોનું જીવન સરળ બનાવવા અનેક ક્ષેત્રમાં કરના દરને ઘટાડવાની મંજૂરી આપી છે.

જીએસટી સુધારા અંતર્ગત ઘણી જીવનજરૂરી વસ્તુઓને કરમુક્ત કરીને સરકારે સામાન્ય માણસપર પડચા જીએસટીનાં બોજને હળવો કર્યો છે. નવા કરમાળખા અનુસાર રોજીંદા વપરાશમાં આવતી વસ્તુઓ જેવી કે  દૂધ, બ્રાન્ડ વગરનાં ચોખા, ઘઉં, અને દાળોને જીએસટીમાંથી મુક્ત કરાયા છે. આ ઉપરાંત બધા પ્રકારની બ્રેડને પણ જીએસટી મુક્ત  કરેલ છે.

લોકો પરનાં કરબોજને ઓછો કરવા નવા સુધારા અંતર્ગત જીવન અને સ્વાસ્થ્યવીમાને પણ કરમુક્ત કરાયેલ છે. જે લોકોને વધુ પ્રોત્સાહિત કરશે. દેશભરનાં લોકો દ્વારા સરકારના આ નિર્ણયનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે.

---